Extra No. 21

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] MONDAY, JANUARY 12, 2026 / PAUSHA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તારીખઃ ૨૯મી ડિસેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચ/પીટી/૨૦૨૫/૩૧/પીટીડી/પીસીવાય/ઇ-ફાઇલ/૨૨/૨૦૨૫/૦૭૧૧/ખ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**Gujarat Motor Vehicles Tax Act, 1958**

**ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ**

**જાહેરનામું**

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ડિસેમ્બર, ૨૦૨૫

**ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.**

**ક્રમાંક. જીએચ/પીટી/૨૦૨૫/૩૧/પીટીડી/પીસીવાય/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૭૧૧/ખ.-** ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના મુંબઇના ૨૯મા) હેઠળ, સક્ષમ કુવેરાચાર્ય પી.પી. શ્રી અવિચલદાસજી મહારાજ સુવર્ણતુલા સ્મૃતિ ટ્રસ્ટ, સારસા, આણંદ (જેનો આમાં હવે પછી, "સદરહુ ટ્રસ્ટ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર. ઇ/૨૫૭૮/ આણંદ-થી રજિસ્ટર થયેલું ટ્રસ્ટ છે અને ઉપરોક્ત ટ્રસ્ટ હેઠળ કાર્યરત સત કેવલ આઇ હોસ્પિટલ ગુજરાતના પછાત, અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં મફત આંખના રોગ નિદાન કેમ્પ જેવા કે મોતિયાની શસ્ત્રક્રિયા, આંખના ટીપાં, દવા, રહેવાની અને ભોજનની વ્યવસ્થા પૂરી પાડે છે તેમજ તેમના ગામથી વિનામૂલ્યે પરિવહન પણ પૂરું પાડે છે.

અને ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા સરકારી રાજપત્રમાં વખતો વખત પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામાથી નિર્દિષ્ટ કરેલા દરે, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૫મા)ની જોગવાઇઓ હેઠળ મોટર વાહનો ઉપર મોટર વાહન વેરો ભરવાપાત્ર થાય છે;

અને સદરહુ ટ્રસ્ટ-એ તેની માલિકીના મોટર વાહનો કોઇપણ ચાર્જ લીધા સિવાય માત્ર સખાવતી હેતુઓ માટે અને લોકોની સેવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે તે કારણોસર તેના (મોટર વાહનો) પર વેરો ભરવામાંથી મુક્તિ આપવા માટે રાજ્ય સરકારને રજૂઆત કરી છે;

અને રાજ્ય સરકારે, ગુજરાત મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬ક-ના ખંડ (૧)ની જોગવાઇઓ અનુસાર સદરહુ ટ્રસ્ટની રજૂઆત પર વિચારણા કરી છે;

તેથી, હવે, ગુજરાત મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬ક સાથે વાંચતા, ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ ટ્રસ્ટની માલિકીના ચેસિસ નંબર: MC2P3LRT0TA557761 અને એંજિન નંબર: E446CDRL122168 ધરાવતા મોટર વાહનને, વાહનના વેચાણ અથવા તબદીલીને કારણે સદરહુ મુક્તિ બંધ થશે એ શરતને અધીન સંપૂર્ણપણે મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**તેજેન્દ્ર પટેલ,**

સરકારના નાયબ સચિવ.

--------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.29 15:59:09 IST